# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૩૧, જુલાઈ - ઓગસ્ટ ૨૦૧૫





## અતિ વરસાદના કારણે યુજીવીસીએલના વિસ્તારમાં ભારે તારાજી બાદ વીજ પુરવઠો પુન : સ્થાપિત



## ૬૯મા સ્વતંત્રદિનની યુજીવીસીએલ દ્વારા આનંદભેર ઉજવણી



ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામને શ્રદ્ધાંજલી - સંભારણા



કોર્પોરેટ કંપાઉન્ડ ખાતે નવનિર્મિત ઓફિસનું લોકાર્પણ

# આ અંકમાં

**વર્ષ–૫ અંક–૩૧, જુલાઈ – ઓગસ્ટ ૨૦૧૫**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી અનુપમ આનંદ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રીમતી છાયાબેન દેસાઈ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એસ. આર. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી બી. પી. બુચ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી પી. બી. પંડ્યા, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી એચ.એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી જે.એમ. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com

સંકલન : ૨૦/૦૮/૨૦૧૫

## આ અંકમાં

**આપત્તિ નિવારણ**
» અતિ વરસાદના કારણે યુજીવીસીએલના વિસ્તારમાં ભારે તારાજી બાદ વીજ પુરવઠો પુનઃસ્થાપિત............................૦૪

**શ્રધ્ધાંજલી**
» શ્રધ્ધાંજલી - સંભારણા...................................૦૭

**ઉજવણી**
» ૬૯મા સ્વતંત્રદિનની યુજીવીસીએલ દ્વારા આનંદભેર ઉજવણી.....................................૦૮



**સંક્ષિપ્ત સમાચાર**
» કોર્પોરેટ કંપાઉન્ડ ખાતે નવનિર્મિત ઓફિસનું લોકાર્પણ.........૧૦
» કોર્પોરેટ ઓફિસ ખાતે 'નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ' કેમ્પનું આયોજન...........................................૧૦
» Shri R. B. Kothari wins the Best CMA–CFO Award 2014............................................11
» મહેસાણા ખાતે સંસદ સભ્ય-ધારાસભ્યશ્રીઓ પરામર્શ સમિતિની બેઠક...................................૧૧
» મુખ્ય ઇજનેર (લાયઝન) શ્રી સી.વી. ઠાકરને નિવૃત્તી અંગેની શુભેચ્છા..................................૧૨
» શ્રી જે.બી. પારેખ ગ્રાહક તકરાર નિવારણ ફોરમના નવ નિયુક્ત પ્રમુખ...................................૧૨

**ચેસ**
» ૧૦મી ઇન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટમાં પુરૂષ વિભાગમાં શ્રી એચ.આર. નાયક ચેમ્પિયન અને મહિલા વિભાગમાં શ્રીમતી આશાબેન ખાલપાડા સતત ત્રીજા વર્ષે ચેમ્પિયન.....૧૩

# સંદેશ



**કુદરતી પ્રકોપ આગળ માનવીનું કાંઈ જ ચાલી શકે નહીં, પરંતુ આપત્તિ બાદ આપણી કંપનીના કર્મચારીઓએ દિવસ-રાત જોયા વગર વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે સખત પરિશ્રમ કર્યો છે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

એવો કોઈ અક્ષર નથી કે જેનો મંત્ર ન હોઈ શકે,
એવું કોઈ મૂળ નથી કે જેની ઔષધિ ન થઈ શકે,
એવી કોઈ વ્યક્તિ નથી કે જે અયોગ્ય હોય,
ફક્ત, આ બધાનો ઉપયોગ કરી શકે તેવી વ્યક્તિ શોધવી મુશ્કેલ છે.

**– સંસ્કૃત સુભાષિત**

આ સુંદર સુભાષિત મને તાજેતરની કુદરતી આફત દરમિયાન આપ સૌની કામગીરીને કારણે યાદ આવી ગયું. આ સુભાષિત કહે છે કે શક્તિ હોય, સંસાધન હોય પણ એનો યોગ્ય ઉપયોગ કરી શકે તેવી વ્યક્તિઓ દુર્લભ હોય છે. પરંતુ, મને ખુશાલી એ વાતની છે કે આપણી કંપનીમાં આવી અનેક વ્યક્તિઓ છે!

તા. ૨૫થી ૨૯ જુલાઈ ૨૦૧૫ દરમ્યાન આપણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્રમાંના બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં થયેલ ભારેથી અતિભારે વરસાદના લીધે આપણી વીજ વિતરણ વ્યવસ્થાને ભારે નુકસાન થયું. વાવાઝોડા અને અતિવરસાદને લીધે મોટી સંખ્યામાં ઝાડ પડી ગયાં, એચ.ટી., એલ.ટી. પોલ તૂટી પડ્યા, નીચાણવાળા ભાગોમાં મોટા પાયે પાણીનો ભરાવો થયો, ફેબ્રીકેશનની આઇટમોને નુકસાન થયું, ટ્રાન્સફોર્મર બળી ગયાં કે ફેઇલ થયાં, વગેરેને કારણે વીજ પુરવઠો ખોરવાઈ જવાને લીધે અંધારપટ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું.

કુદરતી પ્રકોપ આગળ માનવીનું કાંઈ જ ચાલી શકે નહીં, પરંતુ આપત્તિ બાદ આપણી કંપનીના કર્મચારીઓએ, તમામ શક્તિ અને સંસાધનોનો ઉપયોગ કરીને દિવસ-રાત જોયા વગર વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા સખત પરિશ્રમ કર્યો છે.

ઉચ્ચ કક્ષાએથી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે જે સૂચનાઓ આપવામાં આવી હતી, તેનો ત્વરિત અમલ કરવા માટે આપ સૌએ જે પ્રયત્નો હાથ ધર્યા તેનો હું સાક્ષી છું. આપણને આ કપરી પરિસ્થિતિમાં અન્ય વીજ વિતરણ કંપનીની ટીમોનો સહયોગ પણ મળ્યો. સૌના સહિયારા પુરુષાર્થ બાદ આપણે છઠ્ઠી ઓગસ્ટે સંપૂર્ણ વિસ્તારમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં સફળ રહ્યા છીએ. દિવસ રાત જોયા વિના કામે લાગેલ તમામ કર્મચારીઓનો આ સફળ કામગીરી માટે હું હૃદયપૂર્વક આભાર માનું છું અને સૌને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

મિત્રો, ગયા મહિને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામે આપણી વચ્ચેથી વિદાય લીધી. આપણી કંપનીનાં તેમની સાથેનાં સંભારણાં યાદ કરીને, આપણે તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ. આપણે પૂર્ણ નિષ્ઠાથી આપણા કામને સમર્પિત રહીએ, એ જ એ કાર્યમૂર્તિને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

**અનુપમ આનંદ,** આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૦૮-૨૦૧૫**

# અતિ વરસાદના કારણે યુજીવીસીએલના વિસ્તારમાં ભારે તારાજી બાદ વીજ પુરવઠો પુનઃસ્થાપિત

તા. ૨૫થી ૨૯ જુલાઈ ૨૦૧૫ દરમ્યાન ઉત્તર ગુજરાત વીજ કંું. લિમિટેડના તાબા હેઠળ આવેલ પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લીધે થયેલ તારાજીને લીધે વીજ વિતરણ વ્યવસ્થાને ગંભીર નુકસાન થવાને લીધે ગ્રાહકોને વીજ પુરવઠા વિના હાલાકીનો સામનો કરવો પડેલ.

સામાન્યરીતે વાવાઝોડું અને વરસાદના સંજોગોમાં અગાઉથી એચ.ટી. અને એલ.ટી. લાઇન તથા ટ્રાન્સફોર્મર સેન્ટરની મરામતનું કામ હાથ ધરવામાં આવતું હોય છે જેથી વીજ વિતરણ દ્વારા ગ્રાહકોને કોઈ પણ જાતના વિક્ષેપ વગર વીજ પુરવઠો પૂરો પાડી શકાય. તા. ૨૫થી ૨૯ જુલાઈ ૨૦૧૫ દરમ્યાન અસામાન્ય વરસાદે કુદરતી આપત્તિ દ્વારા રૌદ્ર સ્વરૂપ ધારણ કરેલ જેના પરિણામે યુજીવીસીએલ વીજ વિતરણ વ્યવસ્થા ઝાડો પડવાને લીધે, રસ્તા તુટી જવાને લીધે તેમજ પાણી ભરાઈ જવાને લીધે ખોરવાઈ ગયેલ તેમજ વીજ વિતરણની વ્યવસ્થાને પારાવાર નુકસાન થયેલ છે. ગ્રામ્ય વિસ્તારોમાં વીજ વિતરણ કરતા મોટી સંખ્યામાં ફીડરોને અસર થયેલ.

સમગ્ર તારાજીને લીધે થયેલ નુકસાન નિવારવા કંપની દ્વારા લગભગ ૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ વિવિધ કામગીરી માટે કરવામાં આવેલ છે. સમગ્ર કામગીરીમાં મદદરૂપ થવા માટે કુલ ૩૫૧ (ત્રણસો એકાવન) જેટલી ટીમો ઉપરાંત કંપનીના લાઇન સ્ટાફ, કોન્ટ્રાક્ટરના માણસોને પણ કામે લગાડ્યા હતા. ઉપરાંત ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા સૂચના અપાતા અન્ય વીજ વિતરણ કંપનીમાંથી કુલ ૯૭ (સતાણુ) જેટલી ટીમોની પણ મદદ લેવામાં આવેલ.

ઓછા નુકસાનવાળા હિંમતનગર તથા સાબરમતી સર્કલ દ્વારા સ્થાનિક કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરોના માણસોની મદદથી વીજ વિતરણ વ્યવસ્થા ચાલુ થાય તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવેલ.

સફળ કામગીરી બાદ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા કુલ ૩૪૫૬ જેટલા ક્ષતિગ્રસ્ત ફીડરો પૈકી ૨૮૨૩ જેટલા ફીડરો ખૂબ જ ઝડપી કાર્યાન્વિત કરેલ. બાકીના ૬૨૪ જેટલા ફીડરો જે ખેતીવાડી લગતા હતા જેની કામગીરી ત્યારબાદ હાથ ધરવામાં આવેલ. કુલ ૩૫૩૯ જેટલા ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયેલ જેમાંથી ૩૫૩૮ જેટલા ગામોમાં


કુવાણા સબ સ્ટેશન


જોટાણા


વાવ



સંણધર ગામ, થરાદ સબડિવિઝન ઓફિસ



ડીસા



વડનાલ, અંબાજી

તુરત જ વીજ વિતરણ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાના પ્રયત્નો હાથ ધરેલ. વરસાદી અતિવૃષ્ટિને કારણે ૧૧ કે.વી., એચ.ટી. લાઇનને, ૧૧૧૦ કિ.મી., એલ.ટી. લાઇન, ૩૪૧.૦૮ કિ.મી., એચ.ટી. પોલ ૧૧,૧૪૦ તથા એલ.ટી. પોલ ૭૫૦૬ને અસર થયેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદના માર્ગદર્શન તથા મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન દેસાઈના નેતૃત્વ હેઠળ પાલનપુરના અધિક્ષક ઇજનેર શ્રી પી.બી. પંડ્યા, સાબરમતી સર્કલના શ્રી બી.પી. બુચ, હિંમતનગરના અધિક્ષક ઇજનેર તેમજ મહેસાણા સર્કલના ઇન્ચાર્જ અધિક્ષક ઇજનેર શ્રી જે.એમ. પટેલ અને મહેસાણા કોર્પોરેટ ઓફિસના અધિક્ષક ઇજનેર, વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેરો, પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેરો તથા યુનિટ ઇજનેરો અને અન્ય ટેક્નિકલ કર્મચારીઓ સતત ચોવીસ કલાક દિવસ અને રાત જોયા વગર આવી પડેલ આપદાઓથી ગ્રાહકોને રાહત અને વીજ પુરવઠો પુનઃસ્થાપિત થાય તે માટે સતત કામગીરીમાં કામે લાગેલ. કોર્પોરેટ ઓફિસમાં કન્ટ્રોલ રૂમની કામગીરી માટે દર વર્ષની જેમ અગાઉથી આયોજન હાથ ધરવામાં આવેલ. જેને પરિણામે ટેલિફોન દ્વારા વિવિધ વિસ્તારોમાં થયેલ નુકસાન અને વીજ વિક્ષેપોની માહિતી પ્રાપ્ત કરવામાં આવતી અને જરૂરી સૂચનાઓ ક્ષેત્રિય કચેરી તથા અધિકારીઓને આપવામાં આવતી. ખેતીવાડી ક્ષેત્રે થયેલ પારાવાર નુકસાનને લીધે પહોંચી ન શકાય તેવા વિસ્તારોમાં વીજ પુરવઠાની પુનઃસ્થાપિત કરવાની કામગીરી વિકટ બનેલ.

આધુનિક સમયમાં સંદેશાવ્યવહાર માટે લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતી 'વોટ્સએપ' સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા કર્મઠ એન્જિનીયરોએ 'સાઇક્લોન રેસ્ટોરેશન ગ્રુપ'ની શરૂઆત કરી તમામ ઉચ્ચઅધિકારીઓને ફીલ્ડમાં થઈ રહેલ કામગીરી તથા આપવામાં આવેલ સૂચનાનો અમલ કરી કામનો રીપોર્ટ રજૂ કરેલ.

વાવાઝોડા અને અતિ વરસાદને લીધે મોટી સંખ્યામાં એચ.ટી.એલ. પોલ તુટી જવા, ટ્રાન્સફોર્મર સેન્ટરોને નુકસાન થવુ, નીચાણવાળા વિસ્તારમાં પાણીનો મોટાપાયે ભરાવો થવો, રાજસ્થાનમાં પડેલ વરસાદનું પાણી બનાસકાંઠાના સરહદી ગામોમાં ફરી વળેલ, સબ સ્ટેશનમાં પણ પાણીનો ભરાવો થયેલ, મોટા પાયે ફેબ્રીકેશનની આઇટમોને નુકસાન, ઇન્સ્યુલેટર, સર્વિસ વાયરને મોટે પાયે નુકસાન, કેટલીક જગ્યાએ ટ્રાન્સફોર્મર ફેઇલ થવાના બનાવો બનેલ. આમ કુદરતી આપત્તિને લીધે મોટા ભાગના ફીડરોને અસર થતા શહેરો અને ગામડાંઓમાં વીજ પુરવઠો પૂરો ન પડવાને લીધે અંધારપટ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ.

સદર પરિસ્થિતિને લીધે ગ્રાહકોને પીવાના પાણીનો મહત્ત્વના પ્રશ્નનો સામનો ન કરવો પડે તે માટે ખૂબ જ ઝડપથી વીજ પુરવઠો

## શ્રીમતી છાયાબેન દેસાઈ દ્વારા અસરગ્રસ્ત ડોડગામ તથા નાગલા ગામની મુલાકાત...



નાગલા ગામ



નાગલા ગામ

તા. ૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન દેસાઈ દ્વારા જ્યાં વીજ પુરવઠો ખૂબ જ પાણી ભરાવાને લીધે પુનઃસ્થાપિત કરી શકાયા ન હોય તેવા ડોડ ગામ તથા નાગલા ગામની મુલાકાત લેવામાં આવેલ.

એક દિવસમાં આવેલ ૩૩ ઇંચ વરસાદ તેમજ રાજસ્થાન ખાતે આવેલ જેતપુરી ડેમને છલકાઈ જવાને લીધે ફરી વળેલ પાણીને લીધે નીચાણવાળા વિસ્તારમાં આવેલ સદર ગામો પાણીમાં લગભગ ડૂબી ગયાની પરિસ્થિતિનું નિર્માણ થયેલ. નાગલા ગામની વસ્તી ૧૨૦૦ જેટલી છે અને ૪૦૦થી ૫૦૦ મકાનો સંપૂર્ણ પાણીમાં ડૂબી ગયા હતા. ત્યાં તા. ૫મી ઓગસ્ટે પણ પાણી ભરાઈ ગયેલું હતું. લોકોએ ગામની બહાર આવેલ શાળામાં ઉતારો લીધેલ. જ્યાં વીજ પુરવઠો નજીકના ગામના વોટર વર્કસથી ખેંચીને લોકોને વીજળી તથા પાણી આપવાના પ્રયત્નો હાથ ધરેલ.

તેમજ તેની બાજુમાં આવેલ ડોડ ગામ કે જેની વસ્તી લગભગ ૩૫૦૦ની છે અને ૧૦૦૦થી ૧૨૦૦ મકાનો પાણી ભરાવાને લીધે ક્ષતિગ્રસ્ત થયેલ ત્યાં પણ તા. ૬ઠ્ઠી ઓગસ્ટના રોજ તાત્કાલિક ધોરણે વીજ પુરવઠો શરૂ કરવામાં આવેલ અને આખરે સમગ્ર અતિવૃષ્ટિમાં ગ્રામ્ય વિસ્તારોનો ખોરવાયેલ વીજ પુરવઠો પુનઃસ્થાપિત થતા કંપનીએ રાહતનો શ્વાસ લીધેલ.



જલોત્રા



અંબાજી

પુનઃસ્થાપિત કરવાની મહત્ત્વની જવાબદારી કંપનીના કર્મચારીઓના શિરે આવી પડેલ. પ્રાથમિક ધોરણે આવશ્યક સેવાઓ પુનઃસ્થાપિત કરવા માટે હોસ્પિટલો, સ્થાનિક કન્ટ્રોલ સ્ટેશનો, સંદેશા વ્યવહાર ચાલુ કરવાની કામગીરી પ્રથમ ત્રણ દિવસમાં પૂર્ણ કરવામાં આવેલ.

ડિસા વિસ્તાર કે જ્યાં મોટી સંખ્યામાં કોલ્ડ સ્ટોરેજ આવેલ છે જેમાં બટાટાનું મોટાપાયે સંગ્રહ કરવામાં આવે છે ત્યાં વીજ પુરવઠો ઝડપથી ચાલુ કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવેલ. સાથે ગામડાંઓમાં પાણી આપી શકાય તે પછી વોટર વર્કસના કનેક્શન ચાલુ થાય તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવેલ. પાણી પુરવઠા અને કમ્યુનિકેશન માટે ઊભા કરવામાં આવેલ ટાવરોમાં વીજ પુરવઠો ચાલુ કરવામાં આવેલ. કેટલીક જગ્યાએ મોટા પ્રમાણમાં પાણી ભરાયું હોય તેમ છતાં કપરા સંજોગોમાં આ કામગીરી હાથ ધરવામાં આવેલ. તા. ૬-૮-૨૦૧૫ દરમ્યાન વીજ પુરવઠાની પુનઃસ્થાપનાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ. ■

# શ્રધ્ધાંજલી - સંભારણા












તા. ૨૭-૭-૨૦૧૫ના રોજ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામે આપણી વચ્ચેથી વિદાય લીધી. 'મિસાઇલ મેન' તરીકે જાણીતા શ્રી કલામની અણધારી વિદાયથી સમગ્ર દેશ શોકમાં ડૂબી ગયો. ડો. કલામ અને યુજીવીસીએલ વચ્ચેનો એક નાતો હતો. જ્યારે રાષ્ટ્રપતિ હતા ત્યારે તા. ૧૧-૧૧-૨૦૦૬ના રોજ જ્યોતિગ્રામ યોજનાનું પાવાગઢ ખાતે આવેલ ચાંપાનેર મુકામે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રાર્પણ કરવામાં આવેલ. જ્યોતિગ્રામ યોજનાની શરૂઆત કરનાર ઉત્તર ગુજરાત વીજ કંુ.એ સૌ પ્રથમ મહેસાણા જિલ્લાથી તેની શરૂઆત કરેલ. જ્યોતિગ્રામ યોજનાનું પ્રથમ ગામ દાસજ, પ્રથમ તાલુકો ઉંઝા હતો. સમગ્ર રાષ્ટ્રને દિશાનિર્દેશ તેમજ રાહબરી પૂરી પાડવાની આ યોજના દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપનીએ પ્રથમ અમલ કરેલ અને જેનું લોકાર્પણ ડો. કલામ જેવા મહાનુભાવના વરદ હસ્તે થાય તે યુજીવીસીએલ માટે ગૌરવપૂર્ણ બાબત છે.

ફરીવાર તા. ૧૦-૧૧-૨૦૧૨ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંુ. લી.ના કાર્યક્ષેત્રમાં આવેલ પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાની સરહદે ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડે ચારણકા ખાતે એશિયાના સૌથી મોટા સોલાર પાર્ક દ્વારા સમગ્ર ભારતમાં સૌર ઊર્જા ક્ષેત્રે અગ્રિમ સ્થાન પ્રાપ્ત કરેલ, જેના પ્રભાવથી આકર્ષાઈને મુલાકાત લીધેલ. આપણી કંપનીના તત્કાલિન મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા અમદાવાદ એરપોર્ટ ખાતે ઉષ્માસભર સ્વાગત કરીને સીધા ચારણકા ખાતે પ્રયાણ કરેલ અને સમગ્ર દિવસ દરમ્યાન સાથે રહીને સોલાર પ્રોજેક્ટની સંપૂર્ણ માહિતી પૂરી પાડેલ. સરકારી મહેમાન હોવાને કારણે રાજ્ય સરકારના તત્કાલિન ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્રસચિવ શ્રી ડી.જે. પાંડિયન પણ મુલાકાત દરમ્યાન સાથે હતા.

આમ આપણી જ્યોતિગ્રામ યોજનાનું લોકાર્પણ અને આપણા વિસ્તારમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીની સાથે રહીને સોલાર પાર્કની લીધેલ મુલાકાત આ બંને બાબત યુજીવીસીએલ માટે યાદગાર સંભારણુ બની રહેશે.

જેના માટે સમગ્ર દેશ શોકમગ્ન થયેલ અને જેમની વિદ્વતા, શાલીન સ્વભાવ અને જીવનભર સક્રિય રહીને દેશની સતત સેવા કરવાનો ભેખ ધારણ કરનાર ડો. એ.પી.જે. અબ્દુલ કલામના અવસાનથી યુજીવીસીએલ પરિવાર ઘેરા શોકની લાગણી અનુભવે છે અને પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરે છે. ■

# ૬૯મા સ્વતંત્રદિનની યુજીવીસીએસ દ્વારા આનંદભેર ઉજવણી

તા. ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આપણો દેશ આઝાદ થયો ત્યારથી 'સ્વતંત્ર દિન'ની યાદ તાજી રાખવા દર વર્ષે ઉત્સાહભેર ઉજવણી કરીએ છીએ. દર વર્ષની જેમ આ વર્ષે આનંદ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન દેસાઈ, મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એસ.આર. પટેલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર.બી. કોઠારી, જેટકોના અધિક્ષક ઇજનેર શ્રી ડી. જે. વ્યાસ, વિશેષ મહાપ્રબંધક (એચઆર) શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી તથા કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી ઉપરાંત ઉચ્ચ અધિકારીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, બાળકો ઉપરાંત ભૂતપૂર્વ કર્મચારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહેલ.



૯.૧૫ કલાકે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ દ્વારા રાષ્ટ્રધ્વજ લહેરાવીને સમુહમાં રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા કર્મચારીઓને પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ.

ઉદ્‌બોધન બાદ શૈક્ષણિક અને રમત-ગમત ક્ષેત્રે કંપનીને ગૌરવ અપાવનાર કર્મચારીઓના તેજસ્વી બાળકો તથા રમતવીરોને પ્રશસ્તીપત્ર તેમજ રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમની સાથે દેશભક્તિના માહોલ ઊભો થાય તે માટે શ્રી ડી.એસ. પરમાર, નાયબ ઇજનેર (સિવિલ) દ્વારા હકીકત ફિલ્મનું મહંમદ રફીએ ગાયેલ ગીત ''કર ચલે હમ ફીદા જાને તન સાથીઓ...'' તથા શ્રી સુરજીત ભટ્ટાચાર્યએ ફિલ્મ પૂરબ ઔર પશ્ચિમનું મહેન્દ્ર કપુરે ગાયેલ ગીત ''હે પ્રીત જહા કી રીત સદા...'' રજૂ કરેલ. જેને ઉપસ્થિત શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

ધ્વજવંદન બાદ કોર્પોરેટ ઓફિસના કેમ્પસમાં 'વૃક્ષારોપણ' ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ. નાયબ ઇજનેર શ્રી એસ.બી. લીંબાચીયા દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવેલ. આઈ. આર. વિભાગના આઈઆરઓ શ્રી વી.એચ. અસારી, શ્રી ઉમંગભાઈ બારોટ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.



કાર્યક્રમ બાદ મહાનુભાવ સાથે સન્માનિત કર્મચારીઓ, બાળકો અને ભૂતપૂર્વ કર્મચારીઓ/અધિકારીઓએ અલ્પાહાર લીધેલ અને કાર્યક્રમ પૂર્ણ થયેલ.

### માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું ઉદ્‌બોધન અક્ષરશ :

૬૯મા સ્વતંત્ર દિવસની ઉજવણીમાં ઉપસ્થિત ભાઈઓ-બહેનો અને બાળકોને સ્વતંત્ર દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

આપણા પૂર્વજોએ ખૂબ જ સંઘર્ષ કરીને આપણને આઝાદી અપાવેલ છે. આઝાદી અપાવવા પાછળનો ઇરાદો એક વિકસિત, આધુનિક અને સૌની ખુશાલીથી સમૃદ્ધ ભારત દેશનું નિર્માણ કરવાનો હતો. સ્વતંત્ર ભારતના તમામ વર્ગના નાગરિકોના સહિયારા પુરૂષાર્થથી આપણા અધિકાર અને સ્વભિમાન માટે તમામ વર્ગના નાગરિકોએ તમામ ક્ષેત્રમાં આધુનિકતા લાવીને દેશને આગળ લઈ જવાનો પુરૂષાર્થ કરેલ છે.

ભારતના વિકાસમાં હંમેશા આપણા ગુજરાત રાજ્યનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહેલ છે. દેશના વિકાસની ગતિમાં મહત્ત્વનો ફાળો ગુજરાતનો છે. ગુજરાતે દરેક ક્ષેત્રમાં અગ્રેસર રહીને સમગ્ર ભારતને દિશાનિર્દેશ આપવાનું મહત્ત્વનું કામ હાથ ધરેલ છે.

આપણે વીજક્ષેત્રની વાત કરીએ તો રાજ્યના ૧૮,૧૯૨ ગામમાં સતત ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવાનું ભગીરથ કાર્ય એક દશકા પહેલાં પૂર્ણ કર્યું છે. જેને અનુસરીને કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર ભારતમાં ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવાનું લક્ષ્યાંક હાથ ધરેલ છે. હાલના તબક્કે

| મેરિટ એવોર્ડ મેળવનાર બાળકોની યાદી | | | | | |
|---|---|---|---|---|---|
| નામ અને કર્મચારી સાથેનો સંબંધ | કર્મચારીનું નામ અને હોદ્દો | કામગીરીનું સ્થળ | ટકાવારી | ધોરણ | રૂપિયા |
| હીરેનકુમાર, સુપુત્ર | શ્રીમતી એસ.એ. છાબરીયા, ડેપ્યુ. એન્જી. | શિલજ સબડિવિઝન | ૮૯.૮૦ | ૧૨ સાયન્સ | રૂા. ૫૦૦ |
| વિસાર્ગ, સુપુત્ર | શ્રી વી.એચ. ઠાકર, એક્ઝી. એન્જી. | કડી ડી.ઓ. | ૮૭.૫૭ | ૧૨ સાયન્સ | રૂા. ૫૦૦ |
| ઘનશ્યામ, સુપુત્ર | શ્રી ડી.એન. પરમાર, જુની. આસી. | વિજાપુર ડી.ઓ. | ૮૭.૦૦ | ૧૨ સાયન્સ | રૂા. ૫૦૦ |
| પ્રતિક, સુપુત્ર | શ્રી આર.એમ. ગજ્જર, સીની. આસી. | પાલનપુર ડીઓ.-૨ | ૯૧.૧૬ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦ |
| સાક્ષી, સુપુત્રી | શ્રી, એમ.એ. ત્રિવેદી, ડેપ્યુ. એન્જી. | હાઇ-ટેક લેબ, એસબીટી ડી.ઓ. | ૮૯.૦૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦ |
| દક્ષેશ, સુપુત્ર | શ્રી જે.એમ. પરમાર, ઇલે. આસી. | બારેજા સબડિવિઝન | ૮૬.૫૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦ |
| મેઘા, સુપુત્રી | શ્રી એ.ડી. ગજ્જર, જુની. આસી. | જંગરાલ સબડિવિઝન | ૮૫.૦૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦ |

**શ્રીમતી સી.એચ. મોદી, સિનિયર આસિસ્ટન્ટ, પાલનપુર ડી.ઓ.-૧, ઇન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં સિંગલ્સ વિભાગમાં રનર્સઅપ થયેલ છે. તેમજ AIESCBની ટેબલ ટેનિસની ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ છે. રમતગમતક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ બદલ તેઓને સન્માનિત કરવામાં આવેલ છે.**

વીજક્ષેત્રમાં આધુનિકીકરણ તરફ આપણે આગળ વધી રહ્યા છે. નવી ટેક્નોલોજીની મદદથી ગ્રાહકોને વધુમાં વધુ સુવિધા આપવા માટે અને વીજળીની મહત્તમ બચત કરવા સ્માર્ટગ્રીડ પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવ્યું છે. તેમજ સ્કાડા પ્રોજેક્ટ અંતર્ગત વીજ વિતરણની વ્યવસ્થા વધુ સુદૃઢ બને તે માટે વીજ વિક્ષેપની સમસ્યા હલ કરવા ઉપર ભાર મુકવામાં આવેલ છે.

ભારતની વીજ વિતરણ કંપનીઓમાંની અગ્રીમ હરોળમાંની એક એવી ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં કામ કરતા હોવાનું આપણને સહુને ગૌરવ છે. કંપનીની યશસ્વી તવારીખ, મળેલા ચંદ્રકો, માન-સન્માન અને સમય સમયે સ્પર્ધાત્મક તબક્કે કંપનીની કામગીરી હંમેશાં બિરદાવવામાં આવી છે.

કંપનીનાં વ્યવસાયિક ધોરણો સાથેના માઇલસ્ટોન કોઈ પણ ખાનગી કંપની સાથે સીધી તુલના અને પ્રતિસ્પર્ધા કરી શકે તે સ્તરનાં છે. આપણે વખતોવખત તે બાબત પુરવાર કરી છે કે આપણો અભિગમ હંમેશાં ઉચ્ચતર અને સમર્પિત રહ્યો છે. કંપનીના ટીએન્ડડી લોસીઝ ૯.૮૭ ટકા છે જે અન્ય વીજ વિતરણ કંપનીની સ્પર્ધાત્મક તુલનાએ સમગ્ર ભારતમાં ઓછા હોવાનું અનુમાન છે. ભારતની તમામ વીજ વિતરણ કંપનીઓમાં આપણું ઓછામાં ઓછું ડેબિટ એરિયર્સ છે. કાર્યદક્ષ કામગીરીને લીધે કંપનીને હંમેશાં, એપ્લસ રેટિંગ મળેલ છે. તાજેતરમાં પણ કંપનીને ભારત સરકારના વીજ મંત્રાલય દ્વારા એ-પ્લસ રેટિંગ મળેલ છે. તેમજ ગ્રામીણ વિદ્યુતીકરણ અંતર્ગત સરકારશ્રીની તમામ યોજનાઓ જેવી કે એગ્રિકલ્ચર, એસસીએસપી, ઝુંપડપટ્ટી, સાગરખેડુ યોજના વગેરે અંતર્ગત વીજ જોડાણ આપવામાં ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધ કરવામાં આવેલ છે.

મિત્રો, તાજેતરમાં તા. ૨૫થી ૨૭ જુલાઈ ૨૦૧૫ દરમ્યાન બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં પડેલ ભારેથી અતિભારે વરસાદને લીધે ઊભી થયેલ આપત્તિની પરિસ્થિતિમાં થયેલ વીજ વિક્ષેપનું પુનઃસ્થાપન સમયસર થઈ જાય તે માટે આપણી કંપનીના તેમજ અન્ય વીજ વિતરણ કંપનીના કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓએ કરેલ કામગીરીને હું બિરદાવું છું.

આજના સ્વતંત્રદિન નિમિત્તે મારા કર્મચારીઓ મિત્રોને હું હૃદયપૂર્વક અપીલ કરું છું કે, જીવંત વીજ વાયર સાથે જ્યારે આપણે કામ કરી રહ્યા હોઈએ ત્યારે સલામતીનાં સાધનોનો અચુક ઉપયોગ કરી સલામત કામગીરી કરશો જેથી આપનો જીવ કોઈ રીતે જોખમાય નહીં. આપના પરિવાર અને આપની કંપની - બંને માટે આપનું જીવન સૌથી વધુ મૂલ્યવાન છે. કપરી કામગીરીમાં જીવ ગુમાવનારને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલી આપું છું.

ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવેલ સ્વચ્છ ભારતનું સ્વપ્ન સાકાર કરવા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કંપનીના તમામ અધિકારીઓ-કર્મચારી ભાઈઓ તથા બહેનોને સફળ કામગીરી કરવા માટે હું આહ્વાન આપું છું.

સ્વતંત્રતા પર્વના દિન નિમિત્તે યુજીવીસીએલના તમામ કર્મચારીઓ અને આપના પરિવારના તમામ સભ્યોને તેજસ્વી, આનંદમય ભવિષ્યની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું, આશા રાખું છું કે આપ સર્વેના સહિયારા પુરૂષાર્થથી આપણે કંપનીને વિકાસની નવી ઊંચાઈએ લઈ જઈશું.

જય હિંદ, ભારત માતા કી જય,

જય જય ગરવી ગુજરાત.

ધન્યવાદ. ■

## કોર્પોરેટ કંપાઉન્ડ ખાતે નવનિર્મિત ઓફિસનું લોકાર્પણ



તા. ૧૭-૬-૨૦૧૫ના રોજ કોર્પોરેટ ઓફિસના કંપાઉન્ડમાં નવનિર્મિત ઓફિસનું લોકાર્પણ કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન આર. દેસાઈના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે કંપનીના વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મુખ્ય ઇજનેર (કોમર્સ) શ્રી જે.એમ. મોચી, વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતી તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહેલ.

લોકાર્પણ પહેલા પૂજા વિધિ કરવામાં આવેલ. શ્રી કે.ડી. ચૌધરી કાર્યપાલક ઇજનેર (સિવિલ) તથા તેમના ધર્મપત્ની દ્વારા પૂજાનો લાભ લેવામાં આવેલ. પૂજા વિધિ કંપનીના જુનિયર આસિસ્ટન્ટ (ટાઇપીસ્ટ) શ્રી જે.એચ. રાવલ દ્વારા કરવામાં આવેલ.

સદર બિલ્ડિંગમાં ભોયતળીએ કસ્ટમર કેર સેન્ટર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીનું કેશ કલેક્શન સેન્ટર, કોન્ફરન્સ હોલ, રેકોર્ડ





રૂમ પ્રથમ માળે, એચ.આર. સેક્શન તથા આર.ઈ. સેક્શન તથા બીજા માળે સિવિલ, આઈટી, વિજિલન્સ તથા લીગલ સેક્શન કાર્યરત થશે. કોર્પોરેટ ઓફિસના આ મકાનને લીધે કર્મચારીઓની સગવડમાં વધારો થશે અને કામકાજની અનુકૂળતા વધવાને લીધે કાર્યક્ષતા વધશે તેવો આશાવાદ સેવાઈ રહેલ છે. ■

## કોર્પોરેટ ઓફિસ ખાતે 'નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ' કેમ્પનું આયોજન








તા. ૯-૭-૨૦૧૫ના રોજ કોર્પોરેટ ઓફિસના કેમ્પસમાં બનાવવામાં આવેલ નવીન ઓફિસ ખાતે આવેલ કોન્ફરન્સ હોલમાં સીમ્સ હોસ્પિટલના સહયોગથી નિઃશુલ્ક હેલ્થ ચેકએપ કેમ્પનું આયોજન એચ.આર. વિભાગ દ્વારા કરવામાં આવેલ નિઃશુલ્ક ચેકઅપના સદર કેમ્પમાં કુલ ૨૫૦ (બસો પચાસ) જેટલા જેટકો અને યુજીવીસીએલના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

સદર કેમ્પમાં નિષ્ણાંત ડોક્ટર દ્વારા



રેન્ડમ તપાસ, બ્લડ સુગર, ઇ.સી.જી., વજન, બ્લડપ્રેશરની તપાસ કરવામાં આવેલ.

સીમ્સ હોસ્પિટલ તરફથી નિષ્ણાંત



તબીબ ડો. શ્રી સ્નેહલદીપ રાજપુરોહિત, ડો. શ્રી નિલેશ ત્રિવેદી ઉપરાંત સીમ્સ હોસ્પિટલના અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહેલ. ■

## Shri R. B. Kothari wins the Best CMA–CFO Award 2014






On 07-Jul-2015, CMA R. B. Kothari received the Best CMA – CFO Award 2014 from Dr. Jitendra Singh, Union Minister of State (I/C), Prime Minister Office, MoS for DoNER, Department of Personnel and Training, Department of Space and Atomic Energy at New Delhi.

The eminent jury, headed by Shri S. N. Dhingra, Rtd. Justice (Delhi High Court) and Former Member, CCI, unanimously conferred Shri Kothari the best CMA-CFO 2014 Award under the category of Public Sector– Service - Male.

Shri Kothari serves as General Manager (Finance) & CFO at Uttar Gujarat Vij Company Limited, Mehsana, a subsidiary of Gujarat Urja Vikas Nigam Limited, Vadodara.

The Institute of Cost Accountants of India (erstwhile The Institute of Cost and Works Accountants of India) was first established in 1944 as a registered company under the Companies Act with the objects of promoting, regulating and developing the profession of Cost Accountancy.

On 28-May-1959, the Institute was established by a special act of Parliament, namely, the Cost and Works Accountants Act, 1959, as a statutory professional body for the regulation of the profession of cost and management accountancy. ■

## મહેસાણા ખાતે સંસદ સભ્ય-ધારાસભ્યશ્રીઓ સાથે પરામર્શ સમિતિની બેઠક

તા. ૬-૮-૨૦૧૫ના રોજ મહેસાણા વર્તુળકચેરી દ્વારા આયોજીત સંસદ સભ્યશ્રી-ધારાસભ્યશ્રી સાથેની પરામર્શ સમિતિની બેઠકનું આયોજન મેનેજિંગ ડિરેક્ટરશ્રી અનુપમ આનંદની અધ્યક્ષતામાં કોર્પોરેટ ઓફિસ, મહેસાણા ખાતે આવેલ નવનિર્મિત કચેરીના કોન્ફોરન્સ હોલમાં કરવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લી. દ્વારા વખતોવખત ગ્રાહકોના વીજ વિતરણને લગતા પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા માટે પ્રજાના પ્રતિનિધિઓ સાથે પરામર્શ સમિતિની બેઠકો યોજવામાં આવતી હોય છે.

સદર મિટિંગમાં મહેસાણા વર્તુળકચેરીના તાબા હેઠળના મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરનાર ૨ (બે) સંસદ સભ્યશ્રી તથા ૧૨ (બાર) ધારાસભ્યશ્રીઓને મિટિંગમાં હાજર રહેવા માટે આમંત્રણ આપવામાં આવેલ. જે પૈકી શ્રી નારાયણભાઈ એલ.પટેલ, ઉંઝા અને શ્રી રમેશભાઈ એમ.ચાવડા, કડી હાજર રહેલ.

સદર સમિતિની બેઠકમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મુખ્ય ઈજનેર, શ્રીમતી છાયાબેન દેસાઈ તથા કાર્યકારી અધિક્ષક ઈજનેરશ્રી જે.એમ. પટેલ, વર્તુળકચેરી, મહેસાણા, શ્રી એન.સી. મકવાણા, અધિક્ષક ઇજનેર (ટેક) કોર્પોરેટ ઓફિસ મહેસાણા તથા મહેસાણા વર્તુળકચેરીના તાબા હેઠળની તમામ વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેરશ્રીઓ હાજર રહેલ હતા.

સદર મિટિંગમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા તેમના વિસ્તારના જુદા-જુદા લોકોના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવેલ જેનો હકારાત્મક પ્રત્યુતર મેનેજિંગ ડિરેક્ટરશ્રી તથા મુખ્ય ઇજનેરશ્રી (ઓપરેશન) દ્વારા આપવામાં આવેલ. ■

## મુખ્ય ઈજનેર (લાયઝન) શ્રી સી.વી. ઠાકરને નિવૃત્તી અંગેની શુભેચ્છા



ગુજરાત સરકારમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં વિશેષ મુખ્ય ઈજનેર (લાયઝન) તરીકે ફરજ બજાવનાર શ્રી સી.વી. ઠાકર મુખ્ય ઈજનેર (લાયઝન) તરીકે તા. ૧-૩-૨૦૧૪થી કાર્યભાર સંભાળતા હતા. જેઓ તા. ૩૧-૭-૨૦૧૫ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થયેલ છે. એક સક્ષમ અને બાહોશ અધિકારી તરીકે શ્રી ઠાકર ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબીનેટ કક્ષાના માનનીય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના કાર્યાલયમાં કામગીરી કરતા હતા. નિયમાનુસાર બઢતી મેળવી તા. ૧-૩-૨૦૧૪થી મુખ્ય ઈજનેર (લાયઝન) જેવા કંપનીના મહત્ત્વના પદને તેઓશ્રી શોભાવી રહ્યા હતા.

શ્રી ઠાકરની કારકિર્દી પર નજર કરીએ તો તા. ૧૯-૧-૧૯૮૦ના રોજ જુનિયર ઈજનેર તરીકે કલોલ-૨ પેટા વિભાગીય કચેરીમાં નિમણુંક લઈને નોકરીની શરૂઆત કરેલ. તા. ૧-૩-૨૦૧૪ના રોજ કંપનીના મહત્ત્વના હોદ્દા એવા મુખ્ય ઈજનેર પદ પર બઢતી મેળવેલ. શ્રી ઠાકરની કારકિર્દી દરમ્યાન લાયઝન ઓફિસર તરીકે સરકારશ્રી અને કંપનીની કામગીરીના સંકલન અર્થે સેવાઓ બજાવેલ છે. મુખ્ય ઈજનેર તરીકે નિવૃત્ત થતા શ્રી ઠાકર માટે યુજીવીસીએલ પરિવાર ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે. ■

## શ્રી જે.બી. પારેખ ગ્રાહક તકરાર નિવારણ ફોરમના નવ નિયુક્ત પ્રમુખ



શ્રી જે.બી. પારેખ તા. ૮-૩-૨૦૧૫થી ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં 'ગ્રાહક તકરાર નિવારણ' ફોરમ (CGRF)ના પ્રમુખ તરીકે કાર્યરત છે. ગ્રાહકો દ્વારા આવેલ તકરાર નિવારણની મહત્ત્વની કામગીરી 'ગુજરાત ઈલેક્ટ્રીકલરેગ્યુલેટરીકમિશન'નામાર્ગદર્શનને અનુલક્ષીને કરવામાં આવે છે. ગુજરાત ઊર્જા વિકાસ લી. હસ્તકની પશ્ચિમ ગુજરાત વીજ કંપનીમાંથી તા. ૩૦-૧૦-૨૦૧૪ના રોજ શ્રી પારેખ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) તરીકે કામગીરી કર્યા બાદ ૩૬ વર્ષનો બહોળો અનુભવ પ્રાપ્ત કરીને નિવૃત્ત થયેલ છે.

બી.ઈ. (ઈલેક્ટ્રીકલ)ની ડિગ્રી ધરાવનાર શ્રી પારેખે ૧૯૭૮થી ગુજરાત વિદ્યુત બોર્ડ અને કંપનીકરણના ગાળા દરમ્યાન વીજ વિતરણ ક્ષેત્રે ફરજ બજાવેલ છે. જુનિયર ઈજનેર તરીકે પોતાના કારકિર્દીની શરૂઆત કરેલ. કારકિર્દી દરમ્યાન ગ્રામ્ય વીજ વિતરણ, શહેરી વીજ વિતરણ અંગેની મહત્ત્વની કામગીરી સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારમાં કરેલ છે.

કારકિર્દી દરમ્યાન શ્રી પારેખે વિશેષ મુખ્ય ઈજનેર, ઝોનલ ઓફિસ ભૂજમાં હતા ત્યારે 'કચ્છ એનર્જી હબ ઓફ ઈન્ડિયા' વિષય પર લેખ લખેલ જેનું પ્રકાશન (KUTCH GOES GLOBAL) સોવિનિયર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કરવામાં આવેલ. ગ્રાહક તકરાર નિવારણ ક્ષેત્રે યશસ્વી કામગીરી માટે યુજીવીસીએલ પરિવાર ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે. ■

## કાવ્યધારા

### વક્ષવસ્ત્ર

આ અષાઢી આભલું વરસ્યું મન મૂકી,
ને લીલવર્ણી ઓઢણી ધરા પરે મૂકી.

ઓઢે અંગોઅંગે ને હરખે ધરતી માત,
વિધવિધ ગુંથણી ને આ શી ભાત.

"હળખેડુ હરખડા ખેતર હળે ખેતડાં,
જાણે કેમ નવલાં વસ્ત્ર મુજ છેડતાં.

અહો થંભો આ હળખેડ રોકજો
મુજ નવલી ઓઢણીને નવ અડકજો."

"એમ કેમ કરશું ધરતી માવડી
તુજ વસ્ત્ર કોરે મેલતાં અમ અન્ન ઊપજતાં,

જેમ શિશુ કોઈ વક્ષવસ્ત્ર માતૃતણું,
ખેંચતું ને માતૃહૃદય દૂઝલુ દૂઝતું.

**શ્રી ઘનશ્યામ પટેલ**
એક્ઝિક્યુટિવ એન્જિનીયર,
લાયઝન ઓફિસ, ગાંધીનગર

# ૧૦મી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટમાં પુરૂષ વિભાગમાં શ્રી એચ.આર. નાયક ચેમ્પિયન અને મહિલા વિભાગમાં શ્રીમતી આશાબેન ખાલપાડા સતત ત્રીજા વર્ષે ચેમ્પિયન

### જ્યારે પુરૂષ વિભાગમાં શ્રી શૈલેશ નાયક અને મહિલા વિભાગમાં શ્રીમતી દેવિકાબેન શાહ રનર્સ-અપ

તા. ૨૭ અને ૨૮ જૂન-૨૦૧૫ દરમ્યાન અંબાજી ખાતે પાલનપુર સર્કલના યજમાન પદે યોજાયેલ દસમી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટમાં હિંમતનગર, સાબરમતી, મહેસાણા, પાલનપુર અને કોર્પોરેટ ઓફિસના પુરૂષો અને મહિલા કર્મચારીઓએ ભાગ લીધેલ.

**ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્ય મહેમાન**

- **શ્રી પી. જે. ત્રિવેદી,** વિશેષ મુખ્ય ઇજનેર કે જેઓ ટુર્નામેન્ટમાં કોર્પોરેટ ઓફિસનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા તેઓએ સ્થાન શોભાવેલ.
- **શ્રી પી. બી. પંડ્યા,** યજમાન પાલનપુર સર્કલના અધિક્ષક ઇજનેર.
- **શ્રી એમ. કે. હીરવાણીયા,** નાયબ ઇજનેર, અંબાજી.
- **શ્રી પંકજભાઈ પંચોલી,** ચીફ આર્બીટર.
- **શ્રી વીરેનભાઈ મહેતા,** ટુર્નામેન્ટ કોઓર્ડિનેટર ઉપસ્થિત રહેલ.



ઉદ્‌ઘાટન સમારંભ

સ્વાગત પ્રવચનમાં શ્રી પી.બી. પંડ્યાએ ઉપસ્થિત મહાનુભાવો તથા ખેલાડીઓને અંબાજી યાત્રાધામમાં યોજાયેલ દસમી ઈન્ટર સર્કલ ટુર્નામેન્ટમાં આવકાર આપેલ અને સફળતાપૂર્વક રમવા અનુરોધ કરી શુભેચ્છાઓ પાઠવેલ.

દીપપ્રાગટ્ય કરીને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. મુખ્ય મહેમાન અને ટુર્નામેન્ટના સ્પર્ધક શ્રી પી.જે. ત્રિવેદી દ્વારા હાજર રહેલ ખેલાડી ભાઈઓ તથા બહેનોને શુભેચ્છા પાઠવવામાં આવેલ. શ્રી સ્નેહલ જોષી દ્વારા ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભનું સંચાલન કરવામાં આવેલ.

શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) કે જેઓ ૪૦મી ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટનું આયોજન જબલપુર ખાતે કરવામાં આવેલ તેની રનર્સ-અપ ટીમના સભ્ય હતા. તેમનું તથા શ્રીમતી આશાબેન ખાલપાડાનું નાયબ ઇજનેર,


ચેમ્પિયન


ચેમ્પિયન


રનર્સ-અપ

# ચેસ

**ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ પુરૂષોની ટીમ**

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ | સ્ટેટસ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી એચ.આર. નાયક | ઇલે. આસિસ્ટન્ટ | જગુદણ સબડિવિઝન | ચેમ્પિયન |
| ૨. | શ્રી એસ.એ. નાયક | આસી. મેનેજર (પીઆર) | આરએન્ડસી મહેસાણા | રનર્સ-અપ |
| ૩. | શ્રી એસ.એલ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર સબડિવિઝન | ટીમના સભ્ય |
| ૪. | શ્રી આર.પી. મિસ્ત્રી | ડેપ્યુટી એન્જિનીયર | હિંમતનગર સર્કલ ઓફિસ | ટીમના સભ્ય |
| ૫. | શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) | આરએન્ડસી મહેસાણા | ટીમના સભ્ય |
| ૬. | શ્રી એ.આઈ. મન્સુરી | જુનિયર આસિસ્ટન્ટ | વિસનગર સબડિવિઝન | સ્ટેન્ડ બાય સભ્ય |
| ૭. | શ્રી એ.એમ. પટેલ | જુનિયર એન્જિનીયર | મહેસાણા સર્કલ | સ્ટેન્ડ બાય સભ્ય |

**ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ મહિલાઓની ટીમ**

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ | સ્ટેટસ |
|---|---|---|---|---|
| ૧. | એ.એન. ખાલપાડા | ડેપ્યુટી એન્જિનીયર | બોપલ ડિવિઝન | ચેમ્પિયન |
| ૨. | ડી.યુ. શાહ | સિનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર ડિવિઝન | રનર્સ-અપ |
| ૩. | જે.બી. કેલા | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સર્કલ ઓફિસ | ટીમના સભ્ય |
| ૪. | ટી.બી. મોઢ | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર સબડિવિઝન | ટીમના સભ્ય |
| ૫. | જ્યોત્સનાબેન રાઠોડ | સિનિયર આસિસ્ટન્ટ | કોર્પોરેટ ઓફિસ મહેસાણા | સ્ટેન્ડ બાય સભ્ય |

બોપલ લેબોરેટરી કે જેઓ ૪૦મી ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડની મહિલા વિભાગની ચેસ ટુર્નામેન્ટની ચેમ્પિયન ટીમના સભ્ય હતા તેઓનું બૂકે આપીને ખાસ સન્માન કરવામાં આવેલ.

શ્રી. પી.બી. પંડ્યા, અધિક્ષક ઇજનેર તથા શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) દ્વારા ચેસની રમતની ચાલ ચાલીને વિધિવત ટુર્નામેન્ટને ખુલ્લી મુકેલ.

ટુર્નામેન્ટમાં પુરૂષ વિભાગમાં શ્રી એચ. આર. નાયક, ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ, જગુદણ પેટા વિભાગીય કચેરી ચારમાંથી સાડાત્રણ પોઇન્ટ મેળવીને ચેમ્પિયન થયેલ છે. શ્રી શૈલેશ નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ચારમાંથી ત્રણ પોઇન્ટ મેળવીને રનર્સ-અપ થયેલ છે.

જ્યારે મહિલા વિભાગમાં નાયબ ઇજનેર તરીકે બોપલ લેબોરેટરી ખાતે ફરજ બજાવતા શ્રીમતી આશાબેન ખાલપાડા સતત ત્રીજા વર્ષે ચેમ્પિયન થયેલ છે. જ્યારે શ્રીમતી દેવીકાબેન યુ. શાહ સિનિયર આસિસ્ટન્ટ, સાબરમતી રનર્સ-અપ થયેલ છે.

**સમાપન સમારંભમાં હાજર રહેલ મુખ્ય મહેમાન**

- **શ્રી પી.જે. ત્રિવેદી,** વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ).
- **શ્રી કે.એમ. પટેલ,** જુનિયર ઇજનેર, અંબાજી સબડિવિઝન,
- **શ્રી પંકજભાઈ પંચોલી,** ટુર્નામેન્ટ આર્બીટર.
- **શ્રી વીરેન મહેતા,** ટુર્નામેન્ટ કોઓર્ડિનેટર્સ ઉપસ્થિત રહેલ.

વિજેતા ખેલાડીઓને ટ્રોફી ટી-શર્ટ તથા મોમેન્ટો એનાયત કરવામાં આવેલ. તેમજ તા. ૨૪, ૨૫, ૨૬ જુલાઈ ૨૦૧૫ દરમ્યાન અંબાજી ખાતે યોજાનાર દસમી ઇન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ પુરૂષ અને મહિલા ખેલાડીઓના નામની ઘોષણા કરવામાં આવેલ.



રનર્સ-અપ




ઈન્ટર કંપની માટેની ટીમ યુજીવીસીએલ




ઈન્ટર કંપની માટેની ટીમ યુજીવીસીએલ

# ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનો પ્રભાવશાળી દેખાવ

તા. ૨૪થી ૨૬ જુલાઈ ૨૦૧૫ દરમ્યાન અંબાજી ખાતે યોજાયેલ ૧૦મી ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં મહિલા વિભાગમાં શ્રીમતી આશાબેન ખાલપાડા, નાયબ ઈજનેર, બોપલ લેબોરેટરી, રનર્સ-અપ તેમજ ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટ માટે પંસદગી પામેલ છે. જ્યારે શ્રી શૈલેશ નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) કોર્પોરેટ ઓફિસ પુરૂષ વિભાગમાં ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટ માટે પંસદગી પામેલ છે અને યુજીવીસીએલનું ગૌરવ વધારેલ છે.




**ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની પુરૂષોની ટીમ**

**તા. ૧૫મી ઓગસ્ટ ૨૦૧૫ના સ્વાતંત્રદિન નિમિતે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.ના ચેરમેન અને પ્રિન્સીપલ સેક્રેટરી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના શ્રી એલ ચુઆંગો દ્વારા શ્રીમતી આશાબેન ખાલપાડા ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ચેસ રમતમાં ચેમ્પિયન ટીમના સભ્ય બનવા બદલ તેમજ શ્રી શૈલેશ નાયકને રનર્સ-અપ ટીમના સભ્ય બનવા બદલ મેરિટ એવોર્ડ આપીને સન્માનિત કરેલ.**








**ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની મહિલાઓની ટીમ**



**ટીમ યુજીવીસીએલ**

પ્રાસંગિક ઉદ્બોધનમાં શ્રી પી.જે. ત્રિવેદીએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવેલ અને ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ પાઠવેલ. આયોજકો દ્વારા ટુર્નામેન્ટ રમવાની અને રહેવાની ખૂબ સુંદર વ્યવસ્થા આપવા બદલ આભાર માનવામાં આવેલ. શ્રી શૈલેશ નાયક અને શ્રીમતી આશાબેન ખાલપાડા દ્વારા સુંદર વ્યવસ્થા અંગે પોતાના હકારાત્મક પ્રતિભાવો આપેલ. ઉદ્ઘાટન અને સમાપન સમારંભનું સંકલન પણ શ્રી સ્નેહલ જોશી દ્વારા કરવામાં આવેલ.

ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે પાલનપુર સર્કલની સ્પોર્ટ્સ કમિટીના સભ્ય શ્રી નિશાંત પટેલ, શ્રી કે.જે. પટેલ, શ્રી ડી.જે. ગોર, શ્રી તરૂણ જોશી તથા શ્રી ભીખાભાઈ પટેલે જહેમત ઉઠાવી ટુર્નામેન્ટનું સફળ આયોજન કરેલ. ■

# કુદરતી આપત્તિ સામે જીતી નિષ્ઠાવાન કર્મચારીઓની અનન્ય કાર્યનિષ્ઠા







સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

UGVCL

**આપણું યુજીવીસીએલ**

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.


cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com